



## સે. ૧૨માં કચ્છી પાટીદાર સમાજના પરંપરાગત ગરબા મહોત્સવ

શહેરમાં નવરાત્રીનો રંગ હવે ચરમસીમાએ છે. શહેરનું યુવાધન જ નહી પરંતુ અબાલવૃદ્ધ સૌ કોઈ મન મુકીને ગરબે ઘુમી રહ્યા છે. શહેરના વિવિધ સેક્ટર્સમાં, સોસાયટીઓમાં તથા કેટલાક જ્ઞાતિ સમાજ દ્વારા પણ પરંપરાગત ગરબાના કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. સેક્ટર-૧૨માં કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા પટેલ સમાજભવન ખાતે આયોજિત કરાતા ગરબામાં મોટી સંખ્યામાં કચ્છી પાટીદાર સમાજના સભ્યો ભાગ લઈ રહ્યા છે. કચ્છી પાટીદાર સમાજ તેની શિસ્ત અને સંસ્કાર માટે જાણીતો છે. આ સમાજના ગરબામાં સમાજના સભ્યો પરિવાર સહિત ઉપસ્થિત રહી અબાલવૃદ્ધ સૌ કોઈ ગરબે ગુમે છે. વળી આ ગરબામાં કચ્છી પાટીદારો તેમની આગવી સ્ટાઈલમાં શિસ્તબદ્ધ રીતે ગરબા ગાતા જોવા મળે છે. અહી દર વર્ષે પરંપરાગત રીતે ગરબાનું આયોજન કરાય છે. કચ્છી પાટીદાર સમાજના સભ્યો પરિવાર સાથે જોડાઈ એકતાનું ઉદાહરણ પણ પુરૂ પાડે છે. આ ઉપરાંત આ સમયે સમાજના વડીલો પણ હાજરી આપી પ્રેરણાત્મક પ્રોત્સાહન પુરૂ પાડતા રહે છે. કચ્છી પાટીદાર સમાજની આગવી સ્ટાઈલમાં રમાતા ગરબા જોવા માટે શહેરના અન્ય જ્ઞાતિના નાગરિકો પણ ઉમટે છે. આ ગરબામાં ભક્તિ ભાવ સાથે સંસ્કાર અને પારિવારિક મૂલ્યોનો સંગમ થતો જોવા મળે છે.

# પ્રાંતિજ ડેપો મેનેજરની મનમાની

### કર્મચારીને છાતીમાં દુખાવો થતા રજા માંગી પણ રજા ના આપી : કર્મચારીએ ૧૦૮ને જાતે ફોન કરી બોલાવી

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એસ.ટી.ડેપોમાં ડેપો મેનેજરની માનવતા મરી પરવારી હોય તેવી ઘટના સામે આવી છે અને એસ.ટી.ડેપો ના કર્મચારી દ્વારા જાતે ૧૦૮ને ફોન કરી બોલાવી જાતે સારવાર અર્થે જવું પડયું હતું.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ ડેપોમાં એટીએસ વિભાગમાં કર્મચારી તરીકે ફરજ બજાવતા પટેલ મંગાભાઈ ગોબરભાઈને એટેકના દર્દી છે અને બે દિવસથી છાતીમાં સામાન્ય દુખાવો થતો હતો ત્યારે તેવો ડેપો મેનેજર એમ.કે. રાઠોડ પાસે રજા માટે ગયા હતાં ત્યારે તેમણે રજા નહી મળે તેવું કહી કાઢી મુકેલા અને જયારે બીજા દિવસે તેવો ફરી ડેપો માં ફરજ ઉપર આવતાની સાથે વધારે દુખાવો થતા રજા ચીઠી લઈને ડેપો મેનેજર પાસે ગયા હતા અને તેમણે ડેપો મેનેજરે રજા આપવાની ના પાડી હતી ત્યારે તે સમયે ડેપો માં તેમણે છાતીમાં વધારે દુખાવો થયો અને સાહેબ ને ક્યું પણ સાહેબ રજા આપવાની કે માનવતાની દ્રષ્ટિએ પણ ડૉકટર પાસે લઈ જવાની કે ૧૦૮ને બોલાવવાની તસ્તી લીધી ન હતી. ત્યારે એટેકના દર્દી પટેલ



મંગાભાઈ પટેલને વધુ દુખાવો થતાં તમણે પોતે ૧૦૮ને ફોન કરી જાણ કરી અને ૧૦૮ દ્વારા તેમણે પ્રાંતિજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જઈ દાખલ કર્યા હતા. અને ડૉકટર દ્વારા તાત્કાલિક સારવાર કરવામા આવી હતી ત્યારે આ અંગે ડેપોમેનેજરનો સંપર્ક કરતાં તેવોએ કેમેરા સામે કે મીડીયા કર્મચારીઓને કશું કહેવાની ના પાડી હતી અને ઉલાટાનું આજે તેવો અહિં ફરજ ઉપર આવ્યા જ નથી તેમણી અહિ મસ્ટરમાં સહિ નથી તેવો આજે તો તેવો આવ્યા જ નથી તેમ કહિને પોતે પોતાનો બચાવ કર્યો હતો. ત્યારે ડેપો મેનેજરે ૧૦૮ને બોલાવવાની કે ડૉકટર બોલાવવાની જરાયે તસ્તી લીધી ન હતી. ત્યારે આવા અકરૂ મેનેજર સામે પગલાં ભરાય તેવી હાલ તો એસ.ટી. કર્મચારીઓ દ્વારા માંગ ઉઠવા પામી છે. જયારે ડૉકટર દ્વારા મંગાભાઈ પટેલને આરામ કરવા અને દસ દિવસ માટેની રજાઓ મંજુર કરતાં ડૉકટરી રીપોર્ટમાં લેખિતમાં આપેલ છે.



ગાંધીનગર મહાનગરપાલિકાના વિપક્ષના નેતા તરીકે કોંગ્રેસના શૈલેન્દ્રસિંહ બિહોલાએ કોંગ્રેસ ઝિંદાબાદના નારાઓ વચ્ચે આજે વિધિવત્ રીતે હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે. તે પ્રસંગે લેવાયેલ તસવીર.



લાયન્સ કલબ મોડાસા દ્વારા ત્રિવેણી સેવાકીય પ્રવૃત્તિ યોજાય. લાયન્સ કલબ મોડાસા દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવે છે. આ સેવાકીય પ્રવૃત્તિનો લાભ અરવલ્લી જિલ્લાના નાગરિકોને મળે છે. ત્યારે લાયન્સ કલબ દ્વારા તાજેતરમાં જરૂરીયાતમંદ વિકલાંગોને ટ્રાઈસિકલનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. જયારે પ્રાથમિક શાળાના ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓનું બ્લડગ્રુપ ચેકઅપ કેમ્પ યોજવામાં આવ્યો હતો. ત્યારે આ કાર્યક્રમની સાથે મોડાસાના નાગરીકો માટે ડાયાબિટીસ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પનો મોટી સંખ્યામાં ડાયાબિટીસના દર્દથી પિડાતા નાગરીકોએ લાભ લીધો હતો. લાયન્સ કલબના ત્રિવેણી કાર્યક્રમને મોડાસાવાસીઓનો સારો પ્રતિસાદ સાંપડ્યો હતો. આ પ્રસંગે બાળકોને અલ્પાહાર આપી તૃપ્ત કરાયા હતા. આ સેવાકીય પ્રવૃત્તિમાં લાયન્સ સોસાયટીના પ્રમુખ ટી.બી. પટેલ, ઉપપ્રમુખ કમલેશભાઈ પટેલ, મનુભાઈ, ભાવેશ જયસ્વાલ, અન્નપૂર્ણાબેન, સુરેશભાઈ, હેમલત્તાબેન, જગદીશભાઈ, નવિનભાઈ, પ્રવીણભાઈ, સુરેન્દ્રભાઈ હાજર રહ્યા હતા.

# ધાનેરાની મધુસુદન રેસિડેનસી નામની સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યા

### ચાર મકાનોના તાળા તોડી ૧૧.૫૦ લાખ ની મત્તા ચોરી ગયા

ધાનેરામાં આવેલી મધુસુદન રેસિડેનસી નામની સોસાયટીમાં ગતરાત્રે કોઈ અજાણ્યા ઈસમો ધ્વરા ચાર મકાનના તાળા રૂપિયા ૧૧.૫૦ લાખથી વધુની મત્તા ચોરી જતા લોકો માં ભારે ભય નો માહોલ જોવા મળ્યો હતો. એક નવરાત્રી નો રંગ જામ્યો છે તો બીજીતરફ બનાસકાંઠા ના ધાનેરા માં તસ્કરો ફરી સજાગ બન્યા છે અને નવરાત્રી નો લાભ લઈ ચોરી કરી રહ્યા છે ત્યારે ગતરાત્રે ધાનેરા માં આવેલી મધુસુદન રેસીડેન્સી નામની સોસાયટી ના લોકો ગરબા જોવા ગયા હતા તે સમયે કોઈ અજાણ્યા તસ્કરોએ સોસાયટી માં આવી ચાર મકાનના તાળા તોડી મકાન માં પડેલ દાગીના અને રોકડ કુલ મળી રૂપિયા ૧૧.૫૦ લાખ થી વધુ ની મત્તા ચોરી ગયા હતા જયારે લોકો ગરબા જોઈ ઘરે પરત ફર્યા ત્યારે તમામ સમાન વેરવિખેર જોઈ ચોકી ગયા હતા લોકો ધ્વરા સમગ્ર ઘટના ની જાણ ધાનેરા પોલીસ ને કરતા ધાનેરા પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી.

## સંતશ્રી રોહિદાસ સેવા સમાજ (ગુજરાત) ગાંધીનગરના પ્રમુખ દ્વારા મુખ્યમંત્રીને અભિનંદન

ગુજરાતની અનુસૂચિત જાતિ પૈકીની ૪૦ ટકા વસતી ધરાવતા અને પારંપરીક ચર્મ ઉદ્યોગ સાથે જોડાયેલી જાતિને પરિવર્તનશીલ સમયમાં રોહિદાસ વંશીને ‘રોહિત’ તરીકેની આગવી ઓળખ આપવાનો ગુજરાતના માનનીય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાહેબની સરકારે નિર્ણય લઈ સરાહનીય કાર્ય કરેલ છે. સંત શિરોમણી રોહિદાસ ભગવાનના નામને ઉજાગર કરતી ‘રોહિત’ તરીકેની વિશિષ્ટ ઓળખ કાયદેસર રીતે આપવાના કરેલ નિર્ણય બદલ સંત શ્રી રોહિદાસ સેવા સમાજ (ગુજરાત) ગાંધીનગરના પ્રમુખ કાનજીભાઈ વી. પરમાર તથા તમામ કારોબારી સભ્યો મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી આત્મારામ પરમારને અભિનંદન પાઠવે છે.



## ચિલોડા વિસ્તારમાં ખેતરોમાં પાણી ભરાતા મગફળીના પાકને નુકસાન

તાજેતરમાં ચિલોડા, ડભોડા, મગોડી, ઈસનપુરમોટા, શિવપુરાકંપા વિસ્તારમાં સતત વરસાદની હેલીથી ખેતપાકને વ્યાપક નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. જેમાં મગફળીના પાકને વધુ નુકશાન થતાં ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવતાં દિવાળી બગડી. માથે પનોતી બેઠી હોવાનો ખેડૂતોમાં ભારે નિરાશા વ્યાપી છે. પાછોતર વરસાદને લીધે ખેતરોમાં મગફળીના કલ્લા પામીમાં પલળી જતાં ઘાસ અને દાણાને નુકશાન થતાં ખેડૂતો વધુ ચિંતાતુર બન્યા છે. મોંઘુ દાટ બિયારણ, દવા, ખેડ, ખાતર વાવેતર ખર્ચ અને નુકસાની ઉપજથી ખેડૂતોની મુંઝવણનો કોઈ ઉપાયન રહેતા મોંમા આવેલો કોળિયો ઝુંટવાઈ જતાં તહેવાર ટાણે આવક ઘટવાના સંજોગોથી તહેવારો નિરસ બને તેવા સંકેતો સાંપડી રહ્યા છે.

## કાશીરામની શ્રદ્ધાંજલી સભા યોજાઈ

ભારત દેશની અંદર રાજકીય પરીવર્તન લાવનાર સામાજીક ક્રાંતી કરનાર કાશીરામની ૧૦મી પુણ્યતીથી નીમિત્તે ગાંધીનગર જિલ્લા યુનીટ દ્વારા શ્રદ્ધાંજલી સભા ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સે. ૧૨ ગાંધીનગર ખાતે યોજવામાં આવી હતી. કાશીરામ બામસેફ, ડી.એસ.૪ અને ભારત દેશની ત્રીજા નંબરની રાષ્ટ્રીય પાર્ટી બહુજન સમાજ પાર્ટીના સંસ્થાપક હતા અને સમગ્ર જીવન માત્ર બહુજન સમાજને આગળ લાવવામાં લગાવી દીધુ હતુ. ડૉ. બાબાસાહેબ આંબેડકરના પરીનિર્વાણ બાદ એમનુ સપનુ પુરૂ કરવા માટે સમગ્ર ભારત દેશની અંદર સાયકલ વડે પ્રવાસ કર્યો હતો અને ગરીબો, શોષીતો, પીડીતો, અલ્પસંખ્યકો, અનુ. જાતી, અનુ. જનજાતી, ઓબીસીના લોકોને શાષક બનાવવા અથાગ સંઘર્ષ કર્યો હતો. સભાની અંદર કાશીરામના જીવન અંગે તથા તેમણે કરેલ સંઘર્ષ વિશે માહિતી આપવામાં આવી હતી. તથા ગાંધીનગર જિલ્લાનું સંગઠન કઈ રીતે વધારે મજબુત બને તે અંગે માહિતી આપવામાં આવી હતી.

### ત્રાસવાદી ઘુસ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

વધી ગઈ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સવારમાં ત્રાસવાદીઓ એક સરકારી ઈમારતમાં ઘુસી ગયા હતા. તેમની સંખ્યા બેથી ત્રણ હોવાનુ જાણવા મળ્યુ છે. ગોળીબારના કારણે ઈમારતમાં આગ પણ લાગી ગઈ હતી. શ્રીનગરના બહારના વિસ્તારમાં સ્થિત કાશ્મીર જેકેઈડીઆઈ ઈમારતમાં ત્રાસવાદીઓ ઘુસી ગયા હતા. તેમની સાથે અથડામણ જારી રહી હતી. ત્રાસવાદીઓ સાથે ગોળીબારની જોરદાર રમઝટ જામી હતી. સવારમાં સાત વાગ્યા સેનાએ ત્રાસવાદીઓ સામે ઓપરેશન હાથ ધર્યુ હતુ. બન્ને તરફથી ગોળીબાર કરાયો હતો. ત્રાસવાદીઓને ચારેબાજુથી ઘેરી લેવામાં આવ્યા હતા. જેકેઈડીઆઈ સંકુળની પાછળ સેનાએ ત્રાસવાદીઓને ઘેરી લીધા હતા. ઘટનાસ્થળ જમ્મુ કાશ્મીર નેશનલ હાઈવેથી બિલકુલ નજીક છે. આ ઘટના બન્યા બાદ એક સાક્ષીએ કહ્યુ છે કે સવારમાં છ વાગ્યાની આસપાસ ગોળીબારનો અવાજ આવ્યો હતો. ત્યારબાદ થોડાક સમય સુધી શાંતિ રહી હતી. ૧૫-૨૦ મિનિટ બાદ જાણવા મળ્યુ કે ઈમારતમાં ત્રાસવાદીઓ ઘુસી ગયા છે. છેલ્લા ૨૦ દિવસની અંદર કાશ્મીરમાં આ ચોથો મોટો હુમલો કરવામાં આવ્યો છે. ફેબ્રુઆરીમાં સીઆરપીએફના કાફલા પર હુમલો કરવામાં આવ્યા બાદ ત્રાસવાદી આ જ જેકેઈડીઆઈ ઈમારતમાં ઘુસી ગયાહતા. અગાઉના હુમલામાં સીઆરપીએફના બે જવાન શહીદ થઈ ગયા હતા. જ્યારે હુમલામાં એક નાગરિકનુ મોત થયુ હતુ. ત્રણ દિવસ સુધી ઓપરેશન ચાલ્યુ હતુ. અંતે ત્રાસવાદીઓને ચારેબાજુથી ઘેરી લઈને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. આજે ફરી એકવાર ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલા એવા સમય પર થઈ રહ્યા છે જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધ પહેલાથી જ ખરાબ થયેલા છે. બન્ને દેશો વચ્ચેની સરહદ પર મોટી સંખ્યામાં જવાનો ગોઠવી દેવામાં આવ્યા છે. ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારવા માટે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. નદીના કિનારેથી ત્રાસવાદીઓ ઘુસી ગયા હતા. હુમલો કરવામાં આવ્યો હતો ત્યારે સંકુલની અંદર કેટલાક કર્મચારીઓ હતા પરંતુ તેમને કોઈ ઈજા થઈ નથી. સુરક્ષા દળો તરત જ મોરચા સંભાળી લીધા હતા અને કાર્યવાહી હાથ ધરી હતી.

### માતાજીના પગલા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાંજ ઢળતા જ નવયૌવન સોળે શણગાર સજી ગરબા મેદાનમાં ગરબા રમવા ઉત્સુક બનતા નગરના જનજીવનમાં પણ અનોખો બદલાવ જોવા મળ્યો હતો. રોશનીની જાકમજોળથી સજ્જ સેકટરોની શેરીઓમાં પણ ગરબાની રંગતે સેકટરવાસીઓને મોજ કરાવી દીધી હતી. પ્રારંભિક દિવસોમાં વરસાદી વિઘ્ન વચ્ચે ઘેરાયેલા નવરાત્રિ મહોત્સવના લીધે ખૈલેયાઓ સહીત ગરબાના આયોજકો પણ ચિંતામાં મુકાઈ ગયા હતા. પરંતુ સાતમા દિવસથી ઉઘાડ નિકળતા છેલ્લા ચાર દિવસ નવરાત્રિ પર્વની ઉજવણીનો ઉત્સાહ વિશેષ જોવા મળ્યો હતો. કલ્ચરલ ફોરમ દ્વારા આ વર્ષે અંબાજી શક્તિ પીઠની પ્રતિકૃતિ સમાન સ્ટેજ તેમજ ગેટ તૈયાર કરવામાં આવ્યો હતો. ચાંચર ચોકને પણ ચુંદડીના થીમ આધારિત સુશોભિત કરવામાં આવ્યુ હતુ. જેના લીધે ગરબા પ્રેમીઓમાં પણ આસ્થાના કેન્દ્ર બિંન્દુ સાથે આકર્ષણ છવાયુ હતુ. આઠમની મહાઆરતીમાં પણ ૨૧ હજાર ભાવિકોએ હાથમાં દિવડા રાખી માતાજીની આરતીનો લાભ લીધો હતો. જયારે છેલ્લા દિવસે ખૈલેયાઓ માટે યોજાયેલી મેગાફાઈનલ સ્પર્ધામાં પણ મોંઘાદાટ ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ ખૈલેયાઓ મનમુકીને ગરબે ઘુમ્યા હતા.

### ઘીનો અભિષેક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પલ્લી રથ પર સતત ઘી નો અભિષેક કરવામાં આવતા ગામમાં ઘી ની નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. માતાજીનો પલ્લી રથ સવારે ૭ : ૩૬ કલાકે નિજ મંદિર પરત પહોંચ્યો હતો. બાળકો તેમજ મહીલાઓએ પણ મોટી સંખ્યામાં પલ્લીના દર્શનનો લાભ લીધો હતો. પલ્લી મેળો નિર્વિઘ્ને શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થયો હતો. પલ્લી મેળામાં અંદાજિત ૭ લાખથી વધુ ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો. પલ્લી મેળામાં અવરજવર માટે એસ ટી તંત્ર દ્વારા વિશેષ બસ સેવા પણ ગોઠવવામાં આવી હતી. જયારે મુલાકાતીઓ માટે વિશાળ પાર્કિંગ પણ તૈયાર કરવામાં આવ્યુ હતુ. પલ્લીમેળામાં ભાવિકો દ્વારા માતાજીના પલ્લી રથ પર અંદાજિત રૂ ૨૦ કરોડ ઘી નો અભિષેક કરવામાં આવ્યો હતો. જયારે બપોરે ગરબાની રમઝટ દરમિયાન પણ ગુલાલની છોળો ઉડી હતી. આમ બપોરે ગુલાલની ચાદર પથરાયા બાદ રાત્રે ગામના વિવિધ ચકલા ઘી થી લથબથ જોવા મળ્યા હતા.

### ક્ષણના ચણીબોર

● ૪ પાનાનું ચાલુ...

લખાયેલી હતી. કાવ્યની સરળતા તથા વિષય વૈવિધ્યતાને કારણે તેમની ઘણી રચનાઓ લોકપ્રિય થઈ છે. આવી રચનાઓ પાઠ્ય પુસ્તકોના માધ્યમથી આવતી પેઢી સુધી પહોંચી છે.

ગજબ હાથે ગુજારીને પછી કાશી ગયાથી શું ?
મળી દુનિયામાં બદનામી પછી નાસી ગયાથી શું ?
દુઃખી વખતે નહિ દીધું પછી ખોટી દયાથી શું ?
સુકાયા મોલ સૃષ્ટિના પછી વૃષ્ટિ થયાથી શું ?
વિચાર્યું નહિ લઘુવયમાં પછી વિદ્યા ભણ્યાથી શું ?
જગતમાં કોઈ નવજાણે જનેતાના જણ્યાથી શું ?
સમય પર લાભ આપ્યો નહિ પછી તે ચાકરીથી શું ?
મળ્યું નહિ દૂધ મહિષીનું, પછી બાંધી બાકરીથી શું ?
ના ખાધું કે ન ખવડાવ્યું દુઃખી થઈને રળ્યાથી શું ?
કવિ પિંગળ કહે પૈસા મુઆ વખતે મળ્યાથી શું ?

કવિ ખૂબ સરળ છતાં માર્મિક રીતે યોગ્ય સમયે કે સમયસર નિર્ણય કરવામાંજ માનવજીવનની યથાર્થતા છે તે તરફ ધ્યાન દોરે છે. ગંગાસતી પાનબાઈને કહે છે તેમ વીજળીના ચમકારે મોતી પરોવી લેવાની સલાહ કવિશ્રીએ દાખલા – દલીલ સાથે આપી છે. જો સમય ચૂકી જવાય તો કરેલા કાર્યનું મૂલ્ય કે મહત્વ રહેતું નથી. જીવતર જીવવામાં જો સહાનુભૂતિ કે સંવેદનાને બદલે સંઘર્ષ કે પરપિડન વૃત્તિને તાબે થઈને જીવન વ્યતિત કર્યું હોય તો પછી કાશીની યાત્રા કરવી નિરર્થક છે. મધ્યયુગના કવિઓની જેમ કવિ પિંગળશીભાઈએ કથની નહિ પરંતુ કરણી ઉપર વિશેષ ભાર મૂક્યો છે. કવિનો પોતાનો આવકાર પણ ખૂબ ઉજળો હતો. મેઘાણીભાઈએ લખ્યું છે તેમ ભાવનગરની ડેલી (કવિનું રહેવાનું મકાન) કદી સુની જોવા મળતી ન હતી. કવિ હમેશા મહેમાનોની વચ્ચેજ જીવતા હતા, શોભતા હતા. કવિએ ઉજળા જીવતર તેમજ સમયના મહત્વની વાત સહેલાઈથી ગળે ઉતરે તેવા દ્રષ્ટાંતો આપીને આ કાવ્યમાં કરી છે. કવિની આ એક લોકપ્રિય રચનાઓ પૈકીની રચના છે અને આપણાં પાઠ્ય પુસ્તકોમાં પણ તેને સમાવી લેવામાં આવી છે.

ભાવનગરના છેલ્લા અને સુવિખ્યાત રાજવી કૃષ્ણકુમારસિંહજીના પુત્ર ડાં.વીરભદ્રસિંહજીએ લખ્યું છે કે કવિ પિંગળશીભાઈ જેવી કહેણી ભવિષ્યમાં સાંભળવા મળે તેમ લાગતું નથી કાવ્યત્વ અને કહેણીનો અનુપમ સંગમ કવિશ્રીના વ્યકિતત્વને શોભાવતો હતો. તેઓ રાજય અને પ્રજા બંન્નેનું હિત પારખીને સલાહ આપનારા નિડર અને સત્યવકતા માનવ હતા.

કવિ પિંગળશીભાઈને શ્રધ્ધાંજલિ આપતા શ્રી ઝવેરચંદ મેઘાણીએ લખ્યું હતું કે કવિ ‘સર્જનશક્તિનો પુંજ’ હતા. આઠ દાયકાથી પણ વિશેષ જીવનમાં કવિ પિંગળશીભાઈએ સાહિત્યમાં કદી વિસ્મૃત ન થાય તેવું પ્રદાન કરેલું છે. શ્રોતાસમૂહને કવિની કહેણીના પ્રભાવમાં રસતરબોળ થતો અનેક સમકાલિન સાહિત્યકારોએ જોયેલો છે. મહાકવિ નાનાલાલે કવિ પિંગળશીભાઈને ભાવનગર મહારાજાના મુગટના એક અમૂલ્ય હીરા તરીકે ઓળખાવ્યા છે તે યથાર્થ છે.

### અજવાળું અજવાળું

● ૪ પાનાનું ચાલુ...

૪૭ વર્ષની ફિલ્મ કારકિર્દીમાં અને વ્યક્તિગત રીતે જીવનમાં લગભગ લગભગ તમામ જોગે એ ટોચ પર ગયો છે, ત્યાંથી નીચે પછડાયો છે અથવા કયાંક અટવાયો છે અને ફરી હિંમતપૂર્વક એ ફરી આગળ વધીને સદીના મહાનાયકની પદવી સુધી પહોંચ્યો છે. આવા મહાન વ્યક્તિત્વ કે કલાકારની કલાના અજવાળા ચારે દિશામાં ફેલાય ત્યારે કાંઈક વિશેષ અજવાળું રેલાય છે.

તેજપુંજ :
જહાં હમ ખડે હો જાતે હે
લાઈન વહીં સે શુરુ હોતી હૈ

ફિલ્મ : કાલિયાનો અમિતાભનો ડાયલોગ

FOREST DEPARTMENT
Government of Gujarat
Call for Applications for Content Writer
The Gujarat Forest Department, Government of Gujarat, IT Cell requires an experienced Content Writer to publish its publication related to eGujForest application and other activities of IT. To apply for the above position kindly refer website as given below.
For more details and updates please visit :
http://forest.gujarat.gov.in